સ.શિ.પ. / માર્ચ ૨૦૦૫ / ૬૦૦

# સત્સંગ શિક્ષણ પરીક્ષા

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ પ્રવીણ : પ્રશ્નપત્ર - ૨

[બપોરે ૨ થી ૫] (રવિવાર, ૬ માર્ચ, ૨૦૦૫) [કુલ ગુણ : ૧૦૦]

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**(વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવીણ)**

**પ્ર.૧ નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** (૬)

૧. ''આનું મહેનતાણું શું આપશો ?''

૨. ''તમારી આજ્ઞા લોપી વિમુખ થવા તૈયાર છું.''

૩. ''આમને ઓળખો છો ?''

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ આપો. (બારેક લીટીમાં)** (૬)

૧. મહારાજે કલ્યાણદાસને દીક્ષા આપી 'અદ્‌ભુતાનંદ' બનાવ્યા.

૨. રાજાભાઈએ ઘરબારનો ત્યાગ કર્યો.

૩. શ્રીજીમહારાજે ભગુજીને સંડાસમાં ફાનસ મૂકવા મોકલ્યા.

**પ્ર.૩ નીચેના વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** (૮)

૧. શ્રીહરિલીલાકલ્પતરુ **અથવા** કલ્યાણ

૨. ભક્તરાજ મગનભાઈ **અથવા** જેઠા મેર

**પ્ર.૪ નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** (૬)

૧. કોણ સંપ્રદાય થકી બાહર છે ?

૨. સપાર્ષદ ધ્યાન એટલે શું ?

૩. મહારાજે મ.૫૧ વચનામૃતમાં આજ્ઞાની શી મહત્તા બતાવી છે ?

૪. 'ફગવા'નું પ્રકરણ કયા ગ્રંથમાં આવે છે ?

૫. સોમલા ખાચરની શૂરવીરતા કોની સામે અને ક્યાં કામમાં આવી ?

૬. મૂળજી અને કૃષ્ણજીને દીક્ષા આપી મહારાજે કયાં નામ પાડ્યાં ?

**પ્ર.૫ નીચે આપેલ 'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો.** (૫)

'ભગવાન જીવના ગુના......'

**અથવા**

**નીચે આપેલ વચનામૃતનું નિરૂપણ લખો.**

ગઢડા પ્રથમ પ્રકરણનું ૨૨મું

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.** (૫)

**ટૂંકનોંધઃ- સુરા ખાચર**

**૧.** સુરા ખાચર કારિયાણીના હતા. **૨.** સુરા ખાચર બ્રહ્મચર્યવ્રત દૃઢપણે પાળતા. **૩.** સુરા ખાચરે વિનંતી કરી, 'રીંગણાં બહુ સમય રહેશે નહિ માટે તે જમ્યા પછી બીજે જવાનું રાખો.' **૪.** શ્રીજીમહારાજે પૂછ્યું, 'સુરા ખાચર ! રીંગણાં લોયાનાં સારાં કે ગઢડાનાં ?' **૫.** સુરા ખાચર એટલે શ્રીજીમહારાજના પરમ સખા. **૬.** સુરા ખાચરને સદા એકરહેણીપણું તે અંગ. **૭.** મહારાજે કહ્યું, 'આ અમારા જતિ આવ્યા.' **૮.** વેશ્યા બોલી, 'મારે રસોઈ બનાવવી છે, તો દરવાજો ઉઘાડો.' **૯.** સુરા ખાચરે તલવાર પર હાથ દઈ જબરો હાકોટો કર્યો. **૧૦.** સુરા ખાચર શાસ્ત્રની આંટીઘૂંટીમાં કાંઈ સમજે નહિ.

**પ્ર.૭ નીચેની કોઈપણ બે પંક્તિ પૂર્ણ કરો.** (૪)

૧. જયસિ કમલાપતિ ................................ ગરુડગામી.

૨. સ્વામિનારાયણ નામને ............................... તત્કાળ જાશે.

૩. મન મારું મોહ્યું ........................ હર્યાં રે લોલ

**પ્ર.૮ નીચેનામાંથી કોઈપણ બે ની પૂર્તિ કરો.** (૪)

૧. गालिदानं ... ... ... च तैः ॥

૨. स्नेहातुरस्त्वथ ... ... ... शरणं प्रपद्ये ॥

૩. જનમંગલ નામાવલિમાંથી ખૂટતાં નામ પૂર્ણ કરો.

निर्मत्सराय नमः । ... ... ... ब्रह्मधामदर्शकाय नमः ।

## (વિભાગ - ૨ : ગુણાતીતાનંદ સ્વામી)

**પ્ર.૯ નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કોઈપણ બે)** (૬)

૧. ''અમારે સ્ત્રી-દ્રવ્યનો ત્યાગ છે તેથી આ મહંતાઈ ટકી છે.''

૨. ''કાણું માથે તૂત નાખો છો ?''

૩. ''આપની ઈચ્છા હોય તો લાવો હું જમી જાઉં.''

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ આપો. (દસેક લીટીમાં)** (૬)

૧. સાકરબાને ઠાકોરજીની મૂર્તિના મુખ આગળ સફેદ ઝીણી રેખા દેખાઈ.

૨. શાંતાનંદ સ્વામીને એકવાર ભેટતાં મહારાજને કઠણ પડ્યું.

૩. માવા-મુસાની કંપની જામી ગઈ.

**પ્ર.૧૧ નીચેના કોઈપણ બે વિષે મુદાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** (૮)

૧. અનાદિના સેવક

૨. વિરક્તિ

૩. તમારામાં અખંડ રહ્યો છું.

**પ્ર.૧૨ નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** (૫)

૧. મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને ક્યારે (તિથિ અને સંવત) દીક્ષા આપી ?

૨. ગુણાતીતાનંદ સ્વામીએ ઉગા ખુમાણ માટે શું સંકલ્પ કર્યો ?

૩. જૂનાગઢ મંદિરના મહંત નીમવા બાબતે બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને શું ભલામણ કરી ?

૪. ગુણાતીતાનંદ સ્વામીને શું જમતાં જોઈ નાગર ભક્ત નિઃસ્વાદી થયા ?

૫. આચાર્ય મહારાજે ચાંદીના થાળમાં જમવાનો આગ્રહ કર્યો છતાં સ્વામી કેવી રીતે જમ્યા ?

**પ્ર.૧૩ નીચેના પ્રસંગોમાંથી કોઈપણ એક પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** (૪)

૧. બજારના કાંટા

૨. દર્શનનો ખપ

૩. નિર્માનિતા

**પ્ર.૧૪ આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** (૬)

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ગુણાતીતાનંદ સ્વામીએ ધામગમનના દિને ગોંડલમાં કયા કયા સ્થાને પધરામણી કરી ?

(અ) ગણોદના અભેસિંહના મહેલમાં (બ) લોધિકાના અભેસિંહના મહેલમાં

(ક) નવલખા રાજમહેલમાં (ડ) કારભારી માધવજી દવેને ત્યાં

૨. ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્યો

(અ) સારંગપુરના જેઠા ખાચર (બ) ભાદરાના વશરામ સુથાર

(ક) કારિયાણીના નથુ પટેલ (ડ) બોટાદના શિવલાલ શેઠ

૩. મહારાજે કયાં કયાં સ્થળોએ ગુણાતીતાનંદ સ્વામીની ઓળખાણ કરાવી?

(અ) સુરત (બ) સારંગપુર

(ક) અમદાવાદ (ડ) પંચાળા

## (વિભાગ - ૩ : 'સત્સંગ પરિચય' પરીક્ષાનાં પુસ્તકોને આધારે)

**પ્ર.૧૫ નીચેના વિષયો ઉપર વીસ લીટીમાં વિવરણ લખો.** (૨૧)

૧. નાજા જોગિયા **અથવા** ૧. લક્ષ્મીચંદ શેઠ

૨. સાધુનો કસબ **અથવા** ૨. ભગતજીના સંતોને ઉપાધિ

૩. આણંદમાં અપમાન **અથવા** ૩. ગરીબનવાજ

✻ ✻ ✻